(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. ભરત, ઈરવત અને મહાવિદેહમાં તીર્થંકર ક્યારે હોય?

**જ. ભરત અને ઈરવત ક્ષેત્રમાં અવસર્પિણી કાળના ત્રીજા આરાના અંત ભાગમાં ૧ તથા ચોથા આરા દરમિયાન બાકીના ૨૩ તીર્થંકર હોય. ઉત્સર્પિણી કાળના ત્રીજા આરામાં ૨૩ તથા ચોથા આરાની શરૂઆતના ભાગમાં ૧ તીર્થંકર હોય. મહાવિદેહ ક્ષેત્રમાં સદાકાળ હોય.**

૨. અસંયમ એટલે શું? ૧૭ પ્રકારના અસંયમમાંથી યોગને લગતા અસંયમ કેટલા? કયા કયા?

**જ. અવિરતિરૂપ આચરણ. સંયમ પથની બહાર જવું તે. ત્રણ. મન અસંયમ, વચન અસંયમ, કાય અસંયમ.**

૩. પાપસ્થાન કેટલા છે? પ્રતિક્રમણમાં પાપસ્થાનનું વર્ણન શા માટે મૂકવામાં આવ્યું છે?

**જ. ૧૮. પાપનું સ્વરૂપ સમજ્યા વિના તેનો ત્યાગ કરવાનું કેવી રીતે સમજાય? માટે ૧૮ પાપને જાણીને તેની આલોચના કરી તેને છોડવા માટે આ પાઠ મૂકવામાં આવેલ છે.**

૪. બીજા શ્રમણસૂત્રનું નામ શું છે? કયા શ્રાવક ગોચરી કરવા જઈ શકે છે?

**જ. ગોચરચર્યા સૂત્ર. દશમું વ્રત ધારણ કરવાવાળા અથવા સાધુની ૧૧ મી શ્રમણભૂત પડિમા ધારણ કરવાવાળા શ્રાવક ગોચરી કરવા જઈ શકે છે.**

૫. ઉજળી, રસ, ચૌદ લાખ, નાવા આ શબ્દ કયા પાઠમાં આવે છે?

**જ. ઉજળી – બીજા ખામણામાં** **રસ – પહેલા–બીજા ખામણામાં, સાતમા વ્રતમાં, ચોથા શ્રમણસૂત્રમાં**
**ચૌદ લાખ – ક્ષમાપના સૂત્રા** **નાવા – ચોથા ખામણા**

**(ક) મોટા માંગલિકના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૫)**

૧. અરિહંતનું શરણું અંગીકાર કરવાથી શું ક્ષય થશે? (૩)

**જ. અનાદિકાળના જન્મ, જરા, મરણ, વેદના, મહા વેદના, અસહ્ય વેદના, ભયંકર વેદના, કર્કશ વેદના, પ્રતિકૂળ સંયોગો, દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય તથા વીર્યાંતરાય નામની ગાઢી, ચીકણી કર્મની પ્રકૃતિઓ જે બાંધી છે તે સર્વ ક્ષય થશે.**

૨. ચારેનું શરણું શું ટાળે છે અને શું પાર ઉતારે છે? (૧×૧)

**જ. સઘળી આપદા ટાળે છે અને સંસારે ડૂબતી નૈયા ભવજળ પાર ઉતારે છે.**

૩. અરહા ....... ધરીએ.

**જ. અરહા શરણં, સિદ્ધા શરણં, સાહુ શરણં વરીએ, ધમ્મં શરણં પામી વિનયે જિન આજ્ઞા શિર ધરીએ.**

(૭૦)

**પ્ર.૨ (અ) પ્રાસ્તાવિક ગાથાઓ તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૮)**

૧. એવં ખુ ...... **પાના નં. ૧૫૨ ગાથા – ૧૧** ૨. સંસાર ...... **પાના નં. ૧૬૨ ગાથા – ૪**
૩. એગોડહં ...... **પાના નં. ૧૫૬ ગાથા – ૨૦** ૪. જે પાવ ....... **પાના નં. ૧૬૧ ગાથા – ૨**
૫. દેવનરિંદ ...... **પાના નં. ૧૪૯ ગાથા – ૩** ૬. મુહું ...... **પાના નં. ૧૬૫ ગાથા – ૧૧**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો. (૪)**

૧. એએહિં – **આવા** ૨. ઉમ્મુંચ – **તોડ** ૩. નાસઈ – **નાશ થાય**
૪. વાસાઈ – **વર્ષો** ૫. કંખે – **આકાંક્ષા કરે** ૬. કડાણ –**કરેલ**
૭. કિણ્ણુ – **કોનું** ૮. ભણિયા – **કહ્યા છે**

**(૩) નીચેના શબ્દોનું માગધી લખો. (૪)**

૧. તારનારી – **તારિણી** ૨. સંયુક્ત – **સંજુઓ**
૩. જાણીને – **વિયાણાહિ** ૪. સુરક્ષિત રાખે – **બૂહઈત્તા**

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૪)**

૧. શેની પ્રાપ્તિ કરવી દુર્લભ છે? શા માટે?

**જ. જિનધર્મની કારણ કે પૂર્વે અનેકવાર મનુષ્યના મનોરમ કામભોગો પ્રાપ્ત થયેલ છે. દેવભવ તથા દિવ્ય સંપદા પણ પ્રાપ્ત થઈ છે. પુત્ર, મિત્ર, કલત્ર આદિ પણ અનેકવાર મળ્યા છે.**

૨. કોણ સુખનો અનુભવ કરી શક્તા નથી? કોણ એકાંત સુખી છે?

**જ. અધિક પ્રાપ્તિની આકાંક્ષાવાળા દેવલોકના દેવો, પૃથ્વીપતિ ચક્રવર્તી આદિ રાજાઓ, શ્રીમંત શેઠો, મહાસત્તા શાળી સેનાપતિ પણ કર્મ સંયોગે સુખનો અનુભવ કરી શક્તા નથી. આકાંક્ષા રહિત, નિઃસ્પૃહ, વીતરાગી મુનિઓ જ એકાંત સુખી છે.**

૩. અધર્મના હેતુ ક્યા છે?

**જ. જે અસંસ્કૃત, અંતઃકરણની શુદ્ધિથી રહિત, હલકા, પરનિંદા કરવાવાળા, રાગ–દ્વેષમાં અનુરક્ત, પૂર્વકૃત કર્મથી પરાધીન છે, તે બધા અધર્મના હેતુ છે.**

૪. રાજા અને નગરી શેનાથી શોભે છે?

**જ. હાથી, ઘોડા, રથ અને પાયદળ એ ચતુરંગીણી સેનાથી રાજા અને જળાશયો તેમ જ છાયા પ્રધાન વટવૃક્ષોથી તથા લતા મંડપોવાળા બાગોથી નગરી શોભે છે.**

૫. ધર્મબાગમાં અનુરક્ત કોણ રહે છે? તે દર્શાવતી ગાથા લખો.

**જ. ધમ્મારામે ચરે ભિક્ખૂ, ધિઈમં ધમ્મસારહી । ધમ્મારામે રએ દંતે, બંભચેર સમાહિએ ॥**

૬. સાધુ શેના પર દ્વેષ ન કરે?

**જ. સંયમમાં વિચરતા સાધુને અનેક પ્રકારના શબ્દ આદિ વિષય, પ્રતિકૂળરૂપથી પીડા આપે છે તેના પર સાધુ મનથી પણ દ્વેષ ન કરે.**

૭. પ્રતિહાર્ય એટલે શું? તે કેટલા છે? પહેલા ચાર લખો.

**જ. વિશિષ્ટ પુણ્યના ઉદયે મળેલી ઋદ્ધિ. તે ૮ છે. ૧) અશોક વૃક્ષ, ૨) દિવ્ય પુષ્પોની વૃષ્ટિ, ૩) દિવ્ય ધ્વનિ, ૪) ચામર વીંઝવા.**

**(બ) છ લેશ્યાના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) મને ઓળખો હું કોણ? (૩)**

| | | |
|---|---|---|
| ૧. વાંકા બોલો – **કાપોત લેશ્યા** | ૨. મનગુપ્તિ યુક્ત – **શુક્લ લેશ્યા** | ૩. થોડા બોલો – **પદ્મ લેશ્યા** |
| ૪. રસનો લોલુપી – **નીલ લેશ્યા** | ૫. મન અગુપ્તિવંત – **કૃષ્ણ લેશ્યા** | ૬. દઢધર્મી – **તેજો લેશ્યા** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. લેશ્યાના દ્વાર કેટલા છે? તે દર્શાવતી ગાથા લખો.

**જ. ૧૧. નામાઈં વણ્ણ રસ ગંધ ફાસ પરિણામ લક્ખણં । ઠાણં ઠિઈં ગઈં ચાઉં, લેસાણં તુ સુણેહ મે ॥**

૨. તેજો લેશ્યાનો વર્ણ અને કૃષ્ણ લેશ્યાનો સ્પર્શ લખો.

**જ. તેજો લેશ્યાનો વર્ણ – જેવો હિંગળો તથા ગેરુ, જેવો ઉગતો સૂર્ય રાતો, જેવી પોપટની ચાંચ, જેવી દીવાની શીખા એ કરતા અનંતગુણો અધિક રાતો વર્ણ છે. કૃષ્ણ લેશ્યાનો સ્પર્શ – જેવી કરવતની ધાર, જેવી ગાયની જીભ તથા સાગનું પાન તે કરતા અનંતગુણો માઠો અપ્રશસ્ત લેશ્યાનો કર્કશ સ્પર્શ જાણવો.**

૩. લેશ્યાના સ્થાનક કેટલા? કેવી રીતે? ગતિ દ્વાર લખો.

**જ. અસંખ્યાતા. અસંખ્યાતી અવસર્પિણી, ઉત્સર્પિણીના જેટલા સમય તથા અસંખ્યાતા લોકના જેટલા આકાશ પ્રદેશ થાય. ગતિ દ્વાર – કૃષ્ણ, નીલ, કાપોત આ ત્રણ અપ્રશસ્ત, અધર્મ લેશ્યા જેનાથી જીવ દુર્ગતિએ જાય. તેજો, પદ્મ, શુક્લ આ ત્રણ ધર્મ લેશ્યા જેનાથી જીવ સુગતિએ જાય.**

૪. શુક્લ લેશ્યાનો રસ અને કાપોત લેશ્યાની ગંધ લખો.

**જ. શુક્લ લેશ્યાનો રસ – જેવો ખજૂરનો રસ, જેવો દ્રાક્ષનો રસ, જેવો દૂધનો રસ કે દૂધની ખીરનો રસ, જેવો સાકરનો રસ એથી અનંતગુણો અધિક મીઠો રસ. કાપોત લેશ્યાની ગંધ – જેવી ગાયના મડાની, કૂતરાના**

**મડાની, સર્પના મડાની એનાથી અનંતગુણી અધિક કાપોત લેશ્યાની ગંધ જાણવી.**

**(૩) નીચેના જીવોને કેટલી લેશ્યા હોય? કઈ કઈ?** **(૪)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. વાલુપ્રભામાં | **બે, નીલ, કાપોત** | ૨. હરિવાસમાં | **ચાર, કૃષ્ણ, નીલ, કાપોત, તેજો** |
| ૩. ત્રણ સાગરિયામાં | **એક, પદ્મ** | ૪. હીરામાં ઉપજતા દેવમાં | **ચાર, કૃષ્ણ, નીલ, કાપોત, તેજો** |

**(ક) અષ્ટ પ્રવચન માતાના આધારે જવાબ લખો.** **(૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૩)**

૧. અષ્ટપ્રવચન માતા કોનો અધિકાર છે? અંગ કે ઉપાંગ? કાલિક કે ઉત્કાલિક? સમિતિ કેટલી છે? કઈ? (૩)

**જ. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૪. મૂળ સૂત્ર છે. કાલિક. સમિતિ પાંચ છે – ઈરિયા સમિતિ, ભાષા સમિતિ, એષણા સમિતિ, આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ, ઉચ્ચાર પાસવણ ખેલ જલ્લ સિંઘાણ પારિટ્ઠાવણિયા સમિતિ.**

૨. પાંચમી સમિતિના દ્રવ્યથી પહેલા ચાર બોલ લખો. (૨×૩)

**જ. ૧. માણસોની આવ જા થતી હોય ત્યાં, ૨. જીવની ઘાત થાય ત્યાં, ૩. વિષમ ઊંચી નીચી ભૂમિ પર, ૪. પોલી ભૂમિ પર.**

૩. એષણા કેટલા પ્રકારની છે? વિસ્તારથી લખો.

**જ. એષણા ત્રણ પ્રકારની છે – ૧. આહારાદિ ગ્રહણ કરતા પહેલા શુદ્ધિ–અશુદ્ધિ જોવી તે ગવૈષણૈષણા.**
**૨. આહારાદિ ગ્રહણ કરતી વખતે શુદ્ધિ–અશુદ્ધિની સાવધાની રાખવી તે ગ્રહણૈષણા.**
**૩. આહારાદિ ભોગવતી વખતે શુદ્ધિ–અશુદ્ધિનું ધ્યાન રાખે તે પરિભોગૈષણા.**

૪. મુનિઓના ઉપકરણો ક્યા ક્યા છે?

**જ. મુનિઓના ઉપકરણો – ૧ મુહપત્તિ, ૧ ગુચ્છો, ૧ રજોહરણ, ૧ ચોલપટો, સાધુ ૩ પછેડી, સાધ્વી ૪ પછેડી રાખે, કાષ્ટ–તુંબી કે માટીના પાત્ર, ૧ આસન, ૧ સંસ્તારક, જ્ઞાન–દર્શન–ચારિત્રની વૃદ્ધિ નિમિત્તે જરૂરી વસ્તુઓ.**

૫. પરઠતા પહેલા કોની આજ્ઞા લેવાની છે? કેવી રીતે પરઠવાનું છે? સ્વાધ્યાયના ભેદ લખો. (૪)

**જ. પરઠતા પહેલા શક્રેન્દ્રની આજ્ઞા લેવા માટે અણુજાણહ કહેવાનું છે. ૪ આંગુલ ઉપરથી યત્નાપૂર્વક પરઠવાનું છે. પરઠતા વોસિરે ત્રણવાર કહે. સ્વાધ્યાયના ભેદ – વાંચન, પૂછવું, પર્યટ્ટણા, અનુપ્રેક્ષા, ધર્મકથા.**

**(૨) મને ઓળખો હું કોનો ભેદ છું?** **(૨)**

| | જવાબ |
|---|---|
| ૧. સ્ત્રીના શૃંગારની વાત ન કરે. | **વચન ગુપ્તિ** |
| ૨. આસન બરાબર તપાસીને રાખે. | **આદાન ભંડમત્ત નિક્ષેપણા સમિતિ** |
| ૩. ચાલતા ચાલતા ભગવાનનું નામ ન લે. | **ઈરિયા સમિતિ** |
| ૪. સ્નાન ન કરે. | **કાયગુપ્તિ** |

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દેવ કેટલા અને કયા કારણે મનુષ્યલોકમાં આવી શક્તા નથી? (૩)

**જ. ચાર. ૧. દેવ દેવલોકના દિવ્ય કામભોગમાં મૂર્ચ્છિત થયેલા હોય છે. તેને મનુષ્યના ભોગ તુચ્છ લાગે છે. ૨. મનુષ્ય સંબંધી પ્રેમ દેવ–દેવીઓના પ્રેમમાં ફેરવાઈ જાય છે. ૩. હમણા જ જઈશ તેમ વિચારે છે પણ દેવલોકમાં નાટક વગેરે ભોગમાં તલ્લીન બની જાય છે. તે દેવ અહીં આવે તે પહેલા તેના સ્વજનોનું મૃત્યુ થઈ ગયું હોય છે. ૪. મનુષ્યલોકની દુર્ગંધ ૪૦૦–૫૦૦ યોજન સુધી ઊંચે જાય છે, તે દુર્ગંધના કારણે દેવ મનુષ્યલોકમાં આવતા નથી.**

૨. કેકયાર્ધ દેશ કયા ક્ષેત્રમાં હતો? તે દેશનું વર્ણન કરો. (૨×૬)

**જ. જંબૂદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણ ભરતક્ષેત્રમાં કેકયાર્ધ દેશ હતો. જે વૈભવશાળી મહેલો યુક્ત, કોઈપણ પ્રકારના ભય રહિત, સમૃદ્ધ, ધનધાન્યથી ભરપૂર હતો. દરેક ઋતુમાં ફળ–ફૂલથી યુક્ત રમણીય, નંદનવન સમાન મનને પ્રસન્ન કરવાવાળો અને ખૂબ મનોહર હતો.**

૩. ચિત્ત સારથી કોણ હતો? તે કેવો હતો? તેઓ કઈ નગરીમાં ગયા હતા?

**જ. પરદેશી રાજાના મિત્ર જેવો હતો. એ ઘણો ઋદ્ધિ સંપન્ન હતો. રાજાના ઘણા રાજ કાર્યમાં, ગુપ્ત કાર્યમાં, નિર્ણય લેવાના કામો વગેરેમાં તેની સલાહ લેવામાં આવતી હતી. તેઓ કુણાલ દેશની શ્રાવસ્તી નગરીમાં ગયા હતા.**

૪. છદ્મસ્થ જીવ કેટલી વસ્તુ જોઈ શક્તા નથી? તેમાં કેટલા અને કયા દ્રવ્યોનો સમાવેશ થાય છે?

**જ. ૧૦, તેમાં પાંચ દ્રવ્યોનો સમાવેશ થાય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અશરીરી જીવ, પરમાણુ પુદ્ગલ.**

૫. કેશી સ્વામીના પરિચય પછી પરદેશી રાજા કેવું જીવન જીવવા લાગ્યા? તેમની સાથે શું પરિસ્થિતિ બની? તે પરિસ્થિતિમાં તેમણે શું કર્યું?

**જ. કેશી સ્વામીના પરિચય પછી પરદેશી રાજા સંવરયુક્ત જીવન જીવવા લાગ્યા, ત્યારે તેની સૂર્યકાંતાની પોતાની ભોગ ભોગવવાની ભાવનાઓ પૂર્ણ થતી અટકી જવાથી પરદેશીને લાડવામાં ઝેર આપ્યું ત્યારે પરદેશી રાજાએ સમભાવથી સહન કરીને, દેહના મમત્વનો ત્યાગ કરીને સંથારો કર્યો.**

૬. ગાથાપતિ અને ઋષિ પરિષદ એટલે શું?

**જ. ગાથાપતિ પરિષદમાં અપરાધીને વૃક્ષ સાથે બાંધીને સળગાવી દેવામાં આવે છે. ઋષિ પરિષદમાં અપરાધીને અતિ અમનોજ્ઞ એવી વાણીથી ઉપાલંભ (ઠપકો) દેવામાં આવે છે.**

૭. કેશી કુમાર શ્રમણને ધર્મકથા કરતા જોઈને પરદેશીએ ચિત્ત સારથીને શું કહ્યું?

**જ. આ પુરુષ આટલા માનવ સમુદાય વચ્ચે બેસીને શા માટે જોરજોરથી બોલી રહ્યો છે? જડ પુરુષ જડ પુરુષની સેવા કરે છે, જેને કારણે હું મારા જ પ્રદેશમાં સ્વેચ્છાપૂર્વક હરીફરી નથી શક્તો. મને જાણીને કહો આ પુરુષ કોણ છે?**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. ઉચ્ચૈર ........ **પાના નં. ૧૭૬ ગાથા – ૨૮** ૨. ગમ્ભીર ......... **પાના નં. ૧૭૯ ગાથા – ૩૨**

૩. ઉન્નિદ્ર ........ **પાના નં. ૧૮૧ ગાથા – ૩૬**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. ભગવાન શેમાં કુશળ છે? ભગવાનનું ભામંડળ કોને પરાજિત કરે છે? (૨)

**જ. ત્રણે લોકના સત્યધર્મના રહસ્ય કહેવામાં કુશળ છે. ત્રણ લોકના તેજસ્વી પદાર્થોના તેજને પરાજિત કરે છે.**

૨. મેરૂપર્વતનું શિખર શેનાથી શોભે છે? (૧)

**જ. ઉદય પામેલા ચંદ્રની ચાંદની જેવા નિર્મળ ઝરણાના પાણીની ધારાઓથી મેરૂપર્વતનું શિખર શોભે છે.**

**જય – જિનેન્દ્ર**